# Indian Red Cross Society,

## Vadodara District Branch

## St. John Ambulance (India)

### Vadodara District Centre

# Annual Report 2019-20

## World Before and After COVID 19 Pandemic







**The environment is changing and so are the viruses**


G. N. Hakim Red Cross Building, Opp. Police Parade Ground, Kharivav Road, Raopura, Vadodara - 390 001.
Ph : 0265 2413382 I Cell : +91 9099552154
E-mail : ircsvadodara@gmail.com I Web : www.redcrossvadodara.org

# Indian Red Cross Society

## Vadodara District Branch

**LABORATORY TESTS AT VERY SUBSIDIZED RATE**

**તદ્દન રાહતદરે લેબોરેટરી તપાસ**




Full Body Profile at just Rs. **2050/-**

Profile especially for Man at Rs. **950/-**
Profile especially for Women at Rs. **950/-**

Body Profile at just Rs. 450/- includes
Sugar Test, Blood & Urine,
Liver Function Test, Renal Function Test,
Urine Examination, CBC by TC-DC,
Lipid Profile, Uric Acid Test,
Bone Calcium Proportion Test

Antinetal Profile

Thalassemia & Sickle Cell
Screening at just Rs. 250/-

**Time : 8:30 am to 3:45 pm**

**For more details contact on 0265-2413382 between 8:30 am to 3:45 pm**

# ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી,

## વડોદરા જીલ્લા શાખા

સને ૨૦૧૯-૨૦ નો વાર્ષિક અહેવાલ

અમો ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખાના ઉપાધ્યક્ષ સને ૨૦૧૯ - ૨૦૨૦નો અહેવાલ અને ઓડિટેડ હિસાબો રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

**-: ઓફિસ બેરર :-**

પ્રમુખ:( President)
શ્રીમતિ શાલિની અગ્રવાલ (IAS)
તા. ૪/૪/૨૦૧૮ થી આજની તારીખ
(Collector & Dist. Magistrate, Vadodara)

**અધ્યક્ષ**(Chairman) :ડૉ. જગદીશ આર. કામત
**ઉપાધ્યક્ષ** (Vice Chairman): ડૉ. આર. બી. ભેસાણિયા
**ખજાનચી**(Treasurer): શ્રી કૃષાંગ રેવાર
**માનદ મંત્રી**(Hon. Secretary): ડૉ. પ્રવીણ બી. જોશી

**-:સભાસદો:-**

- ડૉ. ભુપેન્દ્ર એન. શાહ
- ડૉ. ચંદ્રકાંત એમ. શાહ
- ડૉ. નવનીત વી. ગાંધી
- ડૉ. કિરણ નવિનચંદ્ર શીંગ્લોત
- ડૉ. સલોની વૈભવ સંત
- ડૉ. યતિશ પી. શાહ
- શ્રી સજ્જનસિંહ કુંપાવત
- ડૉ. બી. જે. બ્રહ્મભટ્ટ (પ્રતિનિધિ ડભોઈ તાલુકા બ્રાન્ચ)

અહેવાલના વર્ષમાં કારોબારી સમિતિની ૦૪ સભાઓ અને ૦૧ સામાન્ય સભા મળી હતી.

**વડોદરા રેડ ક્રૉસ જીલ્લા શાખાનો ઇતિહાસ:**

ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી એક બિનધાર્મિક, બિનસાંપ્રદાયિક, બિનરાજકીય માનવતાવાદી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખાની સ્થાપના સને ૧૯૨૫ માં શ્રીમંત સ્વ. સર સયાજીરાવ ગાયકવાડ સાહેબે કરી હતી. સંસ્થાના મકાન માટે સને ૧૯૫૯માં વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી રાવપુરા, ખારીવાવ રોડ, જે રેડ ક્રૉસ રોડના નામથી ઓળખાય છે ત્યાં સંસ્થાને વાર્ષિક રૂ. ૧/-ના નજીવા ભાડાથી ૯૯ વર્ષ માટે જમીન મળેલ છે. શ્રી મુસ્તાક એમ. હકીમ તરફથી રૂ. ૧૦,૦૦૦/- નું દાન મળતા આ જમીન પર રેડ ક્રૉસ સોસાયટીનું મકાન બાંધવામાં આવ્યું.

## સને ૨૦૧૯ - ૨૦૨૦ના વર્ષમાં કરવામાં આવેલી પ્રવૃત્તિઓ

### વિવિધ વિષયો પર જાગૃતિ કાર્યક્રમ



(A) **રક્તદાન અંગે જાગૃતિ કાર્યક્રમ:** જરૂરિયાત સમયે જરૂરી એટલું લોહી ન મળવાને કારણે દર્દીઓને ઘણી તકલીફોનો સામનો કરવો પડે છે. રક્તદાન અંગે જાગૃતિ ફેલાય, ગેરમાન્યતાઓ દૂર થાય તે હેતુથી ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા દ્વારા વિવિધ સ્થળો પર જઈને રક્તદાન અંગે લોકોને સમજ આપવામાં આવે છે. અહેવાલના વર્ષમાં બૅન્ક ઑફ બરોડા, હેડ ઓફિસ અલકાપુરી; બોમ્બાર્ડિઅર કંપની, માણેજા; GSFC કૉલેજ આમ ૩ સ્થળોએ રક્તદાન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યા. આ ત્રણેય કાર્યક્રમમાં રેડ ક્રૉસ અમદાવાદ જીલ્લા શાખામાં રક્તદાન અને થેલેસીમિયા જાગૃતિ માટે બહુમૂલ્ય યોગદાન આપનાર શ્રી મહેશ ત્રિવેદી દ્વારા માહિતી આપવામાં આવી હતી. જેમાં કુલ મળી ૨૮૬ લોકોએ જાગૃતિ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

(B) **પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ:** પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવાનો હેતુ અકસ્માત, ઇજા તથા બીમારીના સમયે થતી પીડા/તકલીફને રોકવાનો અથવા તકલીફમાં વધારો ન થાય તે છે. પ્રાથમિક મદદનો વ્યાપ વધારવાના હેતુથી બૅન્ક, શાળા, કૉલેજ વગેરે જેવાં વિવિધ ૪ સ્થળો પર પ્રાથમિક સારવાર જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યાં. અહેવાલના વર્ષમાં કુલ ૨૬૬ લોકોને પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ આપવામાં આવી હતી.

(C) **રોડ સેફટી અને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ:** માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે Law Faculty - M. S. Universityના વિદ્યાર્થીઓ માટે મારુતિ ટ્રેનિંગ સ્કૂલના સહયોગથી રોડ સેફટી અને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે જાગૃતિ કાર્યકમ યોજવામાં આવ્યો હતો જેમાં ૪૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(D) **અંગદાન – દેહદાન અંગે જાગૃતિ કાર્યક્રમ:** મારુતિ ટ્રેનિંગ સ્કૂલના કર્મચારીઓ માટે અંગદાન – દેહદાન વિષે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં મારુતિ ટ્રેનિંગ સ્કૂલના ૨૪ કર્મચારીઓએ લાભ લીધો હતો.

### અગત્યના દિવસોની ઉજવણી



(A) **વિશ્વ માતૃત્વ દિવસ તથા આરોગ્ય દિવસ:** વિશ્વ માતૃત્વ દિવસની ઉજવણીના ભાગરૂપે સંસ્થાના મકાનમાં ‘દરેક વ્યક્તિ દરેક જગ્યાએ આરોગ્ય સેવાઓ મેળવવા હકદાર છે તેમજ માતૃત્વ સંભાળ એટલે બાળકની સંભાળ સાથે માતાએ પોતે પોતાના માટે લેવી જોઈતી સંભાળ’ વિષે ડૉ. વિભૂતિ શાહ દ્વારા માહિતી આપવામાં આવી. તેમજ વિશ્વ આરોગ્ય દિવસના ઉપક્રમે ડૉ. સ્નેહ સોનૈયા અને ડૉ.

યશપાલ ગોહિલ દ્વારા જાણકારી આપી તેનો બચાવ અને અટકાવ વિષે સુંદર માહિતી આપવામાં આવી હતી જેમાં કુલ ૨૫ વ્યક્તિઓ એ ભાગ લીધો હતો.

(B) **વિશ્વ રેડ ક્રોસ અને થેલેસીમિયા દિવસ:** ૮ મે વિશ્વ રેડ ક્રોસ અને થેલેસીમિયા દિવસની ઉજવણીના ભાગ રૂપે રાજપીપળાના કલેક્ટર શ્રી તથા સંસ્થાના સભાસદ શ્રી સજ્જન સિંહ કુંપાવતના સહયોગથી થેલેસીમિયા મેજર બાળકો તથા તેમના વાલીઓ માટે સ્ટેચ્યુ ઑફ યુનિટી તથા પોઈચા સ્થિત સ્વામિનારાયણ મંદિરનાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક પોલીસ ઈન્સ્પેકટર સાહેબનો પણ ઘણો સહકાર પ્રાપ્ત થયો. આ પ્રવાસમાં કુલ ૭૨ વ્યક્તિઓ જોડાયા હતા. આ પ્રવાસના સુંદર આયોજન તથા સહયોગ કરવા બદલ સંસ્થા રાજપીપળાના કલેક્ટરશ્રી, શ્રી સજ્જનસિંહ કુંપાવત, શ્રી પુરુષોત્તમભાઈ પટેલ તેમજ સ્થાનિક પોલીસ ઈન્સપેક્ટરશ્રીના આભારી છીએ.



(C) **વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ:** સપ્ટેમ્બર મહિનાના બીજા શનિવારને પ્રાથમિક સારવાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રેડ ક્રોસ દ્વારા ITM Universityના વિદ્યાર્થીઓ માટે CPR તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં કુલ ૧૪૪ વિદ્યાર્થીઓને મેનીકીન પર CPR વિષે માહિતી આપ્યા બાદ દરેક વિદ્યાર્થી દીઠ પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી.



**અહેવાલના વર્ષમાં કુલ ૨૪૧ લોકોએ વિવિધ દિવસોની ઉજવણીમાં ભાગ લીધો હતો.**

## થેલેસીમિયા અને સિકલ સેલ સોસાયટી, વડોદરા

થેલેસીમિયા અને સિકલ સેલ એ બંને વારસાગત રોગ છે જે માતા તથા પિતા તરફથી બાળકને મળે છે. જો માતા તથા પિતા બંને થેલેસીમિયા માઇનોર (વાહક) હોય તો થેલેસીમિયા મેજર (રોગવાળું) બાળક જન્મવાની શક્યતા રહે છે. એ જ રીતે માતા તથા પિતા બન્ને સિકલ સેલ વાહક હોય તો સિકલ સેલ રોગવાળું બાળક જન્મવાની શક્યતા રહે છે. તેથી જ **લગ્ન વખતે જન્મકુંડળી સાથે લોહીની કુંડળી મેળવવી જરૂરી છે.** થેલેસીમિયા રોગથી પીડાતા દર્દીઓને દર મહિને લોહી ચઢાવવું આવશ્યક છે, જેના કારણે શરીરમાં વધારાનું આયર્ન જમા થાય છે જેને કાઢવા માટે આયર્ન ચિલેટિંગ દવાઓ લેવી પડે અથવા આયર્ન ચિલેશનનાં ઈન્જેક્શન લેવાં પડે, જે આશરે ૮ કલાક ચાલે છે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, સ્ટેમસેલ જેવી ખર્ચાળ સારવાર ઉપલબ્ધ છે, છતાં રોગ મટવાની સંભાવના ખૂબ જ ઓછી છે. ટૂંકમાં આ રોગને થતો અટકાવવો જરૂરી છે; જેના ભાગ રૂપે સંસ્થા દ્વારા (૧) જાગૃતિ અભિયાન (૨) શાળા, કૉલેજમાં વિદ્યાર્થીઓનું રક્ત પરીક્ષણ (૩) પોસ્ટ ટેસ્ટ કાઉન્સેલિંગ (૪) સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા સગર્ભા સ્ત્રીઓને રક્ત પરીક્ષણ માટે સમજાવી તેઓનું રક્ત પરીક્ષણ કરવામાં આવે છે. (૫) બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટર (૬) થેલેસીમિયા મેજર બાળકો માટે આયર્ન

ચિલેટિંગ દવા કેલ્ફર, ડેસ્ફેરાલ ઇન્જેક્શન તથા લ્યુકોસાઇટ ફિલ્ટર નજીવા દરે આપવામાં આવે છે. (૭) થેલેસીમિયા મેજર બાળકો માટે જરૂરી એવા ટેસ્ટ રેડ ક્રૉસ દ્વારા સમયાંતરે **વિનામુલ્યે કરી** આપવામાં આવે છે.



(A) **<u>બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટર:</u>** થેલેસીમિયા મેજર બાળકોને મહિનામાં આશરે બે વાર લોહી ચઢાવવું પડે છે તેથી તેઓની જરૂરિયાતને ધ્યાનમાં લઈને રેડ ક્રૉસ દ્વારા અદ્યતન સગવડ સાથેનો વાતાનુકૂલિત અને ટીવીની સુવિધા સાથેના બ્લડ ટ્રાન્સફ્યુઝન સૅન્ટરમાં દર બુધવાર અને શુક્રવાર સવારે ૦૮:૩૦ થી બપોરે ૦૨:૦૦ દરમિયાન બ્લડ ટ્રાન્સફ્યુઝનને લગતી કાર્યવાહી વિનામુલ્યે કરવામાં આવે છે. અહેવાલના વર્ષમાં સંસ્થા દ્વારા થેલેસીમિયા બાળકો માટે કુલ **૬૦૬** બ્લડ ટ્રાન્સફ્યુઝન કરવામાં આવ્યાં.



(B) **<u>થેલેસીમિયા મેજર બાળકો માટે ફિલ્ટર તથા આયર્ન ચિલેટિંગ ડ્રગ્સ:</u>** રેડ ક્રૉસ દ્વારા કંપનીઓ, સંસ્થાઓ તથા વ્યક્તિગત ડોનેશન મારફત થેલેસીમિયા મેજર બાળકોને જરૂરિયાત પ્રમાણે આયર્ન ચિલેટિંગ ડ્રગ કેલ્ફર, ડેસ્ફેરાલ ઇન્જેક્શન, લ્યુકોસાઇટ ફિલ્ટર વગેરે આપવામાં આવે છે. ગત વર્ષમાં કુલ ૫૭૦ કેલ્ફર ૧૫૯ ડેસ્ફેરાલ ઈન્જેક્શન અને ૨૨૬ લ્યુકોસાઇટ ફિલ્ટર આપવામાં આવ્યાં હતાં.

***તારીખ ૦૫/૧૨/૨૦૧૯ ના રોજ** મંજુસર GIDC સ્થિત મહિન્દ્રા એક્સેલો કંપની દ્વારા CSR અંતર્ગત થેલેસીમિયા મેજર બાળકો માટે રૂ. ૫,૦૦,૩૦૦/- ના ૧૮૦ આયર્ન ચિલેટિંગ ડેસ્ફેરાલ ઈન્જેક્શન અને ૨૦૦ લ્યુકોસાઇટ ફિલ્ટર આપવામાં આવ્યાં. સતત ૩ વર્ષથી સંસ્થાને મદદ કરવા બદલ સંસ્થા તેઓની ખૂબ ખૂબ આભારી છે.*



(C) **<u>થેલેસીમિયા મેજર બાળકો માટે લેબોરેટરી ટેસ્ટનો કેમ્પ:</u>** થેલેસીમિયા મેજર બાળકોના Serum Ferritin, SGPT, CBC, Hormones, Urine Protein, Random Plasma Glucose, Bilirubin, SGOT, Albumin, Globulin, Creatinine, Alkaline Phosphatase, AG Ratio, Calcium, Vitamin D3, TSH, FT4, Direct - Indirect Coombs વગેરે ટેસ્ટ નિ:શુલ્ક કરી આપવામાં આવ્યાં હતાં. આ સેવાનો લાભ ૪૪ થેલેસીમિયા બાળકોએ લીધો હતો.

## <u>થેલેસીમિયા અને સિકલ સેલ જાગૃતિ અભિયાન:</u>



- થેલેસીમિયા અને સિકલ સેલ રોગને અટકાવવાના પ્રયાસ રૂપે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં જઈને વિદ્યાર્થીઓને મૌખિક વાતચીત દ્વારા તથા ડૉક્યુમેન્ટરી ફિલ્મ બતાવીને આ રોગો અંગે જાણકારી આપવામાં આવે છે. સ્વૈછિક રીતે થેલેસીમિયાનો ટેસ્ટ કરાવવા માટે વિદ્યાર્થીઓને

પ્રોત્સાહિત કરવામાં આવે છે. થેલેસીમિયા થતો અટકાવવા માટે લોકોમાં જાગૃતિ ફેલાય તે હેતુથી થેલેસીમિયા અંગેની માર્ગદર્શક પુસ્તિકા આપવામાં આવે છે.




- CSR અંતર્ગત મહિન્દ્રા એક્સેલો કંપનીના સહયોગથી વડોદરા શહેર તેમજ તાલુકામાં વિવિધ જાહેર માર્ગ પરથી જોઈ શકાય તેવા વિવિધ સ્થળો પર ૧૦X૧૦ ફૂટના કુલ ૨૦ હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા.



- થેલેસીમિયા અંગે જાગૃતિ ફેલાય તે હેતુથી ખોડલધામ ગરબા મહૉત્સવ ખાતે થેલેસીમિયા મેજર બાળકો સાથે થેલેસીમિયા અંગે જાગૃતિ ફેલાવતા પોસ્ટરો સાથે ગરબા કરવામાં આવ્યા.

અહેવાલના વર્ષમાં ૧૦ જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા. જેમાં ૨૦૩૯ લોકોને થેલેસીમિયા અને સિકલ સેલ અંગે માહિતી આપવામાં આવી.

(D) **થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ:** શહેરના સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટરશ્રીઓ તરફથી ગર્ભવતી સ્ત્રીઓને થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ માટે માર્ગદર્શન આપી તે બહેનોનું રક્ત પરીક્ષણ ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના સૌજન્યથી તદ્દન રાહત દરે કરી આપવામાં આવે છે. ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા દ્વારા અહેવાલના વર્ષમાં કુલ ૩૯,૨૪૮ લોકોનું રક્ત પરીક્ષણ કરવામાં આવ્યું. જે પૈકી થેલેસીમિયા માઇનોર તથા સિકલ સેલ વાહક હતા તેઓનું પોસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ અંતર્ગત સગર્ભાઓ જેમના ગર્ભની તપાસ કરતાં ગર્ભ થેલેસીમિયા મેજર કે સિકલ સેલ રોગી માલૂમ પડતાં ૧૧ બાળકોનાં જન્મ રોકવામાં આવ્યાં.



મહિન્દ્રા અક્સેલો કંપની દ્વારા CSR અંતર્ગત ITI તથા કોલેજો કે જ્યાં થેલેસીમિયા ટેસ્ટ થતો નથી તેવી શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ માટે થેલેસીમિયા ટેસ્ટ કરાવવા માટે રૂ. ૨,૬૦,૫૭૫નું દાન રેડ ક્રૉસને આપવામાં આવ્યું હતું.

**અહેવાલના વર્ષમાં થેલેસીમિયા અને સિકલસેલ પરીક્ષણની આંકડાકીય માહિતી**

| | |
|---|---|
| અર્બન હેલ્થ સેન્ટરો, સરકારી હૉસ્પિટલો તથા ESI ની સગર્ભા મહિલાઓ | ૧૪૩૭૯ |
| કૉલેજ તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૨૪૨૭૮ |
| સ્ત્રીરોગ નિષ્ણાતોને ત્યાં થયેલ થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૫૭૭ |
| સેટેલાઈટ સેન્ટરમાં થએલ થેલેસીમિયા રક્ત પરીક્ષણ | ૮૪૩ |
| **કુલ** | **૪૦,૦૭૭** |



(E) **થેલેસીમિયા અને સિકલ સેલ પોસ્ટ કાઉન્સેલિંગ:** થેલેસીમિયા અને સિકલ સેલના રક્ત પરીક્ષણના રિપોર્ટમાં થેલેસીમિયા માઇનોર, સિકલ સેલ ટ્રેઈટ, આયર્ન ડેફિસિયન્સી અથવા અન્ય હિમોગ્લોબિનોપથી હોય તેવા વિદ્યાર્થીઓનું પોસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવે છે. અહેવાલના વર્ષમાં SNDT College, અકોટાના ૧૪ વિદ્યાર્થીઓ, સાવલી ITI ૩૯ વિદ્યાર્થીઓ અને M. S. Universityના ૨૫૫ વિદ્યાર્થીઓ મળી કુલ ૩૦૮ વિદ્યાર્થીઓનું પોસ્ટ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું.

**મહિન્દ્રા એકસેલો કંપની દ્વારા થેલેસીમિયાને લગતી વિવિધ પ્રવૃત્તિઓ માટે આપવામાં આવેલું દાન**

| | |
|---|---|
| દવાઓ | ૫,૦૦,૩૦૦/- |
| થેલેસીમિયા સ્ક્રીનિંગ | ૨,૬૦,૫૭૫/- |
| થેલેસીમિયા  જાગૃતિને લગતા હૉર્ડિંગ્સ | ૫૯,૦૦૦/- |
| **કુલ** | **૮,૧૯,૮૭૫/-** |

**ફેમિલી ક્લિનિક:**

વર્તમાન સમયમાં નાગરિકોને ગુણવત્તાભર તબીબી સારવાર મળે એવા સેવાકીય અભિગમ સાથે સામાન્ય રોજિંદી બીમારી સાથે ડાયાબિટીઝ, હાઇબ્લડપ્રેશર, ટી.બી., બાળરોગોની, ચામડીના રોગોની સારવાર તદ્દન રાહત દરે મળે તે હેતુથી સંસ્થાના મકાનમાં દર **સોમવારે, બુધવારે, શુક્રવારે** સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૩૦ દરમિયાન ફેમિલી ક્લિનિક ચલાવવામાં આવે છે. આ ક્લિનિકમાં એલોપેથીના નિષ્ણાત **ડૉક્ટર કિરણ શીંગ્લોત**, સેવા આપે છે. ૧૨ વર્ષ સુધીના **બાળકોને વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.** અહેવાલના વર્ષમાં કુલ ૪૫૧ લોકોએ લાભ લીધો હતો.

**કેન્સર કેર:**

કેન્સર રોગથી પીડાતા દર્દીઓ માટે તારીખ ૨૧ નવેમ્બર ૨૦૧૮ થી દર બુધવારે સવારે ૧૦ થી બપોરે ૧૨ના સમય દરમિયાન ખાસ કરીને જેઓને કેન્સરની પીડા, થાક, અશક્તિનો અનુભવ થાય છે તેઓ

માટે કૅન્સર કેર ક્લિનિક રાહત દરે શરૂ કરવામાં આવ્યું. જેમાં ડૉ. શશીન માહેતા દ્વારા સેવા આપવામાં આવે છે. અહેવાલના વર્ષમાં ૪૧ દર્દીઓએ તેનો લાભ લીધો હતો.

## માનસિક સ્વાસ્થ્યને લગતી સંભાળ:

તારીખ ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૦થી દર શુક્રવારે સવારે ૧૧ થી ૧૨ દરમિયાન ડૉ. શશીન મહેતા દ્વારા માનસિક સ્વાસ્થ્ય, હતાશા (ડિપ્રેશન), વ્યસન મુક્તિને લગતી તકલીફો માટે સલાહ સૂચન (કાઉન્સેલિંગ), થેરાપી આપવામાં આવે છે. અહેવાલના વર્ષમાં ૧૩ દર્દીઓએ તેનો લાભ લીધો હતો.

## શૈક્ષણિક સહાય:

આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને શૈક્ષણિક રાહત મળે તે માટે સ્વ. બકુલાબેન નરેન્દ્રભાઈ મજમુદારના સ્મરણાર્થે રૂ. ૨૦,૦૦૦/-નું ફંડ સંસ્થાને મળેલ છે. આ ફંડના વ્યાજની રકમમાંથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુકોનું વિતરણ કરવામાં આવે છે. અહેવાલના વર્ષમાં કુલ ૮૨ વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુકો આપવામાં આવી હતી.

## લેબોરેટરી ટેસ્ટ

- સંસ્થામાં સોમવાર થી શનિવાર, સવારે ૮ થી બપોરે ૪ દરમિયાન વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ રાહત દરે ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની NABL સર્ટિફાઇડ લેબોરેટરીમાં કરી આપવામાં આવે છે. વર્ષ દરમિયાન કુલ ૨૫૫૬ લોકોએ આ સેવાનો લાભ લીધો હતો.



- રેડ ક્રૉસ દ્વારા મહાવીર ફાઉન્ડેશન દ્વારા દત્તક લીધેલા દંતેશ્વર ખાતે આવેલ બરોડા હાઇસ્કૂલના જરૂરિયાતમંદ ૧૫૯ વિદ્યાર્થીઓની લેબોરેટરી તપાસ (HB. Electrophoresis) કરવામાં આવી હતી.
- M. S. Universityના ફેકલ્ટી ઓફ ફાઇન આર્ટ્સના વિદેશથી ભણવા આવતા ૧૮ વિદ્યાર્થીઓનો HIV ટેસ્ટ કરવામાં આવ્યા.

અહેવાલના વર્ષમાં કુલ **૨૭૩૩** લોકોએ રાહત દરે થતાં લેબોરેટરી ટેસ્ટનો લાભ લીધો.

## પૂર પીડિતો માટે અનાજની કીટનું વિતરણ:

૩૧ જુલાઇ ૨૦૧૯ના રોજ પડેલ ભારે વરસાદના કારણે વડોદરા શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેને ધ્યાનમાં લઈ ઇન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા દ્વારા કુદરતી પૂરથી આફતમાં ફસાયેલા લોકોને અનાજની કિટ, મિનરલ વૉટર બૉટલ, મીણબત્તી, દિવાસળી, તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કારેલીબાગ વિસ્તારમાં વેદ મંદિરની સામે શ્રી જલારામ મંદિરની સામે,



બાળભવનની પાછળ આવેલ ઝૂંપડપટ્ટી વિસ્તારના અસરગ્રસ્ત નાગરિકો માટે ૪૮ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## અહેવાલના વર્ષમાં યોજવામાં આવેલ વિવિધ કેમ્પ



(A) **રક્તદાન શિબિર:** રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા દ્વારા વિવિધ સ્કૂલ, કંપની, સંસ્થાઓમાં રક્તદાન જાગૃતિ અંગે કાર્યક્રમો યોજવામાં આવે છે, તેમજ રક્તદાન શિબિરોનું આયોજન કરી વડોદરા શહેરની S.S.G. હૉસ્પિટલની બ્લડ બૅન્કને, લોહી એકત્રિત કરી આપવામાં આવે છે. રક્તદાન શિબિરોનું આયોજન કરવાનો અમારો મુખ્ય હેતુ માત્ર ગરીબ લોકો કે જેઓ પૈસાના અભાવે જરૂરિયાત વખતે લોહી ન મળવાના કારણે જીવન સાથે સંઘર્ષ કરે છે તેઓને મફતમાં રક્ત મળી રહે અને થેલેસીમિયા મેજર પેશન્ટ તેમજ જરૂરિયાતવાળા વ્યક્તિઓને લોહી મળે એ જ છે. વર્ષ દરમિયાન કુલ ૧૮ બ્લડ ડોનેશન કેમ્પોનું આયોજન કર્યું તેમાં કુલ ૧૦૦૨ લોકોએ રક્તદાન કર્યું હતું.

(B) **હેલ્થ ચેક અપ કેમ્પ:**



- તારીખ ૧૬ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન ફેક્ટરી ઍક્ટ ૧૯૪૮ અંતર્ગત પૉલી પ્લાસ્ટ કેમી પ્લાન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ૧૦૪ કર્મચારીઓનું રૂટિન હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું જેમાં કર્મચારીઓના વિવિધ ટેસ્ટ જેમ કે Urine, RBS, SGPT, CBC, Creatinine, Spirometry, Eye Vision, BMI, તથા અન્ય જરૂરી તપાસ કરવામાં આવી .
- રેડ ક્રૉસ દ્વારા મહાવીર ફાઉન્ડેશન દ્વારા દંતેશ્વર ખાતે આવેલ દત્તક લીધેલ બરોડા હાઇસ્કૂલના જરૂરિયાતમંદ ૫૫ વિદ્યાર્થીઓની લેબોરેટરી તપાસ (HB. Electrophoresis) કરવામા આવી ત્યાર બાદ જે વિદ્યાર્થીઓનું હિમોગ્લોબિન ઓછું હતું તેવા વિદ્યાર્થીઓનું બાળરોગ નિષ્ણાત ડૉ. કિરણ શિંગ્લોત દ્વારા તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



(C) **આંખની તપાસનો કેમ્પ:** વડોદરાના માનનીય સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટના ગ્રાન્ટમાંથી મળેલ ટીટમસ મશીન દ્વારા ૬ પ્રકારના આંખોના ટેસ્ટ, જેવા કે બાઈનોક્યુલારિટી ટેસ્ટ, નજીક અને દૂરથી આંખોની દ્રષ્ટિ તીવ્રતાનો ટેસ્ટ, નજીક અને દૂરની દ્રષ્ટિ માટે આંખના સ્નાયુઓના સંતુલનનો ટેસ્ટ, આંખોની કલર પારખવાની ક્ષમતાનો ટેસ્ટ, આંખોની ઉપર – નીચે, આજુ બાજુ, દૂર અને નજીકથી જોવાની ક્ષમતાનો ટેસ્ટ, પેરીફેરલ દ્રષ્ટિ ૪૫° થી ૮૫° કરવામાં આવે છે .અહેવાલના વર્ષમાં વોવાન્ટિસ લેબોરેટરીસ

તથા ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન લિમિટેડ  કંપનીના કર્મચારીઓ મળી કુલ ૧૩૭ લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી.

(D) <u>ગર્ભાશયના મુખના  કૅન્સરની તપાસનો કેમ્પ</u>: મહિલાઓમાં ગર્ભાશયના મુખના કૅન્સરનું પ્રમાણ વધતું જાય છે જેના ઘણા કારણો છે પરંતુ HPV વાઇરસ જેમાં ખાસ કરીને HPV ૧૬ અને ૧૮ નંબરનો વાઇરસ વધુ જવાબદાર છે. જો કૅન્સરનું સમયસર નિદાન થાય તો કૅન્સરના કારણે વધતી જટિલ પરિસ્થિતીઓને નિવારી શકાય છે. ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના સહયોગથી વડોદરા જીલ્લા શાખા દ્વારા વડોદરા શહેરના UPHC – અર્બન પ્રાઇમરી હેલ્થ સૅન્ટરોમાં ગર્ભાશયના મુખના કૅન્સર વિષે જાગૃતિ આપવામાં આવતી ત્યાર બાદ ટેસ્ટ કરવામાં આવતા આમ ૧૭ જેટલા UPHC મળી કુલ ૮૩૫ મહિલાઓના વિનામૂલ્યે HPV તેમજ Pap-smear ટેસ્ટ કરવામાં આવ્યા. જે મહિલાઓના ટેસ્ટ પોઝિટિવ આવ્યા તેઓની SSG તેમજ GMERS- ગોત્રી ખાતે કૉલ્પોસ્કોપી – બાયૉપ્સી કરવામાં આવી.



(E) <u>કૃત્રિમ અવયવ (પગ) તથા ક્રચીસ, કેલિપર કેમ્પ</u>: સંસ્થા દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓ માટે ગુજરાત રાજ્ય શાખાના સહયોગથી કૃત્રિમ અંગો જેવાકે પોલીપ્રોપીલીન ટેક્નોલોજી પ્રોસ્થેસીસ, લોઅર લીમ્બ ઓર્થોસીસ, ક્રચીસ, કાંધ બગલ ઘોડી વગેરેની જરૂરિયાત હોય તેવા વ્યક્તિઓ માટે તારીખ ૧૩ ઑક્ટોબરના રોજ નિશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પના ૧૩ લાભાર્થીઓ હતા.



## તાલીમ કાર્યક્રમો

(A) **કારખાના ધારા ૧૯૪૮ની કલમ ૧૧૧(એ) અધિનિયમ હેઠળ સેફ્ટી ટ્રેનિંગ:** તારીખ ૨૩ માર્ચ ૨૦૧૮ના રોજ, કારખાના ધારા ૧૯૪૮ની કલમ ૧૧૧ A( ii)થી નિયામક ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી ઍન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય અમદાવાદ દ્વારા ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરાને કારખાના શ્રમયોગીઓના આરોગ્ય અને કામમાં સલામતી અંગે તાલીમ આપતી સંસ્થા તરીકે મંજૂરી આપવામાં આવી જે અંતર્ગત DSM ન્યુટ્રિશનલ પ્રોડક્ટસ ઈન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કંપનીના કર્મચારીઓ માટે ફાયર સેફ્ટી ટ્રેનિંગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ૨૧ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.



(B) **સર્ટિફાઇડ પ્રાથમિક સારવારની તાલીમ:** ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા મારફત અકસ્માતમાં પ્રાથમિક સારવારની તાલીમના વર્ગો ચલાવવામાં આવે છે. તાલીમ આપનાર ટ્રેનર તબીબોની ભણાવવાની રીત, સ્લાઇડ પ્રોજેક્ટર, પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન, ડેમોન્સ્ટ્રેશન તથા પરીક્ષા પદ્ધતિ વગેરે અંગે ખાસ ધ્યાન આપવામાં આવે છે. સી.પી.આર.ની તાલીમ ડમી દ્વારા આપવામા આવે છે. અહેવાલના વર્ષમાં રેડ ક્રૉસ દ્વારા કુલ ૧૬૪ ક્લાસ કરવામાં આવ્યાં હતાં, તેમાં **૫૩૨૭** ઉમેદવારોને પ્રાથમિક સારવારની તાલીમ આપવામાં આવી હતી જેમાં **૫૧૭૮** ઉમેદવારોએ પ્રથમવારના સિનિયર સર્ટિફિકેટ મેળવ્યા હતા. **૧૨૯** ઉમેદવારોએ પાંચ વર્ષના વાઉચર સર્ટિફિકેટ મેળવ્યા હતા. **૨૦** ઉમેદવારોએ આજીવન મેડલિયન સર્ટિફિકેટ મેળવ્યા હતા.



(C) **કોમ્બો ટ્રેનિંગ પ્રોગ્રામ:** ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા દ્વારા તારીખ ૨૬ અને ૨૭ જુલાઇના રોજ શાળાના વિદ્યાર્થીઓ માટે તેમજ તારીખ ૧૬ અને ૧૭ ઑગસ્ટના રોજ શિક્ષકો માટે ફર્સ્ટ એઇડ અને ફાયર સેફ્ટી કોમ્બો ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ શાળાઓમાંથી ૧૪ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળી કુલ ૩૪ લોકોને તાલીમ આપવામાં આવી.



## જુનીયર રેડ ક્રોસ સોસાયટી (JRC):

વિદ્યાર્થીઓમાં શાંતિના આદર્શો અને સેવાની તાલીમનું સિંચન થાય અને તેમના પોતાના તેમજ અન્યના સ્વાસ્થ્યની તેઓ સંભાળ રાખે, સમાજ તથા માનવ પ્રત્યેની જવાબદારી સમજે તે હેતુથી જુનીયર રેડ ક્રોસની પ્રવૃત્તિઓ શાળાઓમાં કરવામાં આવે છે.



અહેવાલના વર્ષમાં પ્લાસ્ટિક અને તેની ખરાબ અસરો વિષે તેમજ સ્પર્શની સમજ વિષે GSFC ફર્ટિલાઇઝર નગર સ્કૂલ - ગુજરાતી મીડિયમ, ન્યુએરા ગર્લ્સ સ્કૂલ અને GSFC ફર્ટિલાઇઝર નગર સ્કૂલ - અંગ્રેજી મીડિયમ આમ કુલ ૩ શાળાઓના મળી કુલ ૮૦૮ વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતાં.

## બાળ આરોગ્ય સ્પર્ધા:



બાળકોને તંદુરસ્ત રાખવા અને બાળ રક્ષક રસીઓ યોગ્ય સમયે અપાય તે અત્યંત જરૂરી છે. તે હેતુથી તથા રસીકરણનું અને બાળઉછેરનું મહત્વ સમજાવવા વાલીઓને પ્રોત્સાહિત કરવા ત્રણ વર્ષ સુધીનાં બાળકો માટે તા. ૯/૦૨/૨૦૨૦ના રોજ સંસ્થાના મકાનમાં **"બાળ આરોગ્ય સ્પર્ધા"** નું આયોજન કરવામાં આવ્યું હતું. હરીફાઈમાં **૪૧** બાળકોએ ભાગ લીધો હતો. બાળરોગ નિષ્ણાત ડૉક્ટરશ્રીઓ દ્વારા બાળકોની શારીરિક તપાસ કરી દરેક વિભાગમાં ચાર ઇનામો જાહેર કરવામાં આવ્યાં હતાં.

## શૈક્ષણિક મુલાકાત:



તારીખ ૭ માર્ચ ૨૦૨૦ના રોજ ચાંગા સ્થિત નર્સિંગ કૉલેજના ૨૮ વિદ્યાર્થીઓ રેડ ક્રૉસ સંસ્થાની શૈક્ષણિક મુલાકાતે આવ્યાં હતાં. જેમાં રેડ ક્રૉસ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ વિષે તેઓને સમજ આપવામાં આવી તથા રેડ ક્રૉસમાં ચાલતી પ્રવૃત્તિઓમાં તેઓ કઈ રીતે સહભાગી થઈ શકે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## કાર્ય સિદ્ધિ:



અહેવાલના વર્ષમાં ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી વડોદરા જીલ્લા શાખાને ૨૦૧૮-૧૯ના વર્ષમાં ગુજરાત રાજ્ય શાખા દ્વારા કુલ ત્રણ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. (૧) થેલેસીમિયા સ્ક્રીનિંગ કેમ્પ થકી સૌથી વધુ લોકોના સ્ક્રીનિંગ કરવા બદલ ગુજરાત ખાતે પ્રથમ ઍવોર્ડ (૨) થેલેસીમિયા

સેટેલાઇટ સેન્ટર દ્વારા સૌથી વધુ સ્ક્રીનિંગ કરવા બદલ ગુજરાત ખાતે પ્રથમ એવોર્ડ (૩) સૌથી વધુ પ્રાથમિક સારવારની તાલીમ કરવા બદલ ગુજરાત ખાતે પ્રથમ એવોર્ડ

## જીલ્લા શાખાની મુલાકાત:

વર્ષ ૨૦૨૦માં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની આપણાં ભારત દેશમાં સ્થાપના થયે ૧૦૦ વર્ષ થયા તે નિમિત્તે આખું વર્ષ વિવિધ કાર્યક્રમો થકી શતાબ્દીની ઉજવણી કરવા અંગે માર્ગદર્શન આપવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના વાઇસ ચેરમેન એડ્વોકેટ શ્રી સુમિત ઠક્કર દ્વારા સંસ્થાની મુલાકાત કરવામાં આવી હતી.



## New Methodology in First Aid Training:

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા ૪ દિવસની “New Methodology in First Aid Training” એટલે નવી પદ્ધતિથી પ્રાથમિક સારવારની તાલીમ આપવા વિષે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં વડોદરા જીલ્લા શાખામાથી હિતેશ પરમાર અને દર્શના પટેલને મોકલવામાં આવ્યા હતા.





## NDRF દ્વારા મૉકડ્રીલનું આયોજન:

NDRFની ટીમ દ્વારા પારૂલ યુનિવર્સિટી ખાતે મૉકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ટીમ રેડ ક્રોસ દ્વારા મૉકડ્રીલમાં ભાગ લેવામાં આવ્યો હતો જેમાં રેડ ક્રોસ ટિમની મુખ્ય ભૂમિકા પરિસ્થિતિનો ભોગ બનનાર વ્યક્તિઓને પ્રાથમિક સારવાર આપવાની હતી. .



## વર્ષ ૨૦૧૯-૨૦ના લાભાર્થીઓની સંખ્યા

| અનુ .નં | કાર્યક્રમની વિગત | લાભાર્થીઓની સંખ્યા ૨૦૧૯-૨૦ | લાભાર્થીઓની સંખ્યા ૨૦૧૮-૧૯ |
|---|---|---|---|
| ૧. | રક્તદાન અંગે જાગૃતિ કાર્યક્રમ | ૨૮૬ | ૧૦૮ |
| ૨. | પ્રાથમિક સારવાર અંગે જાગૃતિ કાર્યક્રમ | ૨૬૬ | ૧૦૪૦ |
| ૩. | રોડ સેફટી અને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ | ૪૯ | - |
| ૪. | અંગદાન – દેહદાન અંગે જાગૃતિ કાર્યક્રમ | ૨૪ | - |
| ૫. | અગત્યના દિવસોની ઉજવણીમાં ભાગ લેનાર લાભાર્થીઓ | ૨૪૧ | ૫૮૫ |
| ૬. | બ્લડ ટ્રાન્સફ્યુઝન સેંન્ટર | ૬૦૬ | ૫૧૭ |
| ૭. | થેલેસીમિયા અને સિકલ સેલ જાગૃતિ કાર્યક્રમ | ૨૦૩૯ | ૨૭૫૮ |
| ૮. | થેલેસીમિયા મેજર બાળકો માટે આયર્ન  ચિલેટિંગ દવા કેલ્ફર | ૫૭૦ | ૩૧૭ |
| ૯. | થેલેસીમિયા મેજર બાળકો માટે ડેસ્ફેરાલ ઈન્જેક્શન | ૧૫૯ | ૨૦૦ |
| ૧૦. | થેલેસીમિયા મેજર બાળકો માટે લ્યુકોસાઇટ ફિલ્ટર | ૨૨૬ | ૧૩૦ |
| ૧૧. | થેલેસીમિયા મેજર બાળકો માટે લેબોરેટરી ટેસ્ટનો કેમ્પ | ૪૪ | ૯ |
| ૧૨. | થેલેસીમિયા અને સિકલ સેલ સ્ક્રીનિંગ | ૪૦૦૭૭ | ૩૯૨૪૮ |
| ૧૩. | થેલેસીમિયા અને સિકલ સેલ પોસ્ટ કાઉન્સેલિંગ | ૩૦૮ | ૧૭૭ |
| ૧૪. | ફેમિલી ક્લિનિક | ૪૫૧ | ૪૯૬ |
| ૧૫. | કેન્સર કેર | ૪૧ | ૯ |
| ૧૬. | માનસિક સ્વાસ્થ્યને લગતી સંભાળ | ૧૩ | - |
| ૧૭. | શૈક્ષણિક સહાય | ૮૨ | ૨૨ |
| ૧૮. | લેબોરેટરી ટેસ્ટ | ૨૭૩૩ | ૧૩૬૩ |
| ૧૯. | પૂર પીડિતો માટે અનાજની કીટનું વિતરણ | ૪૮ | - |
| ૨૦. | રક્તદાન  શિબિરોમાં રક્તદાતાઓ | ૧૦૦૨ | ૧૦૮૪ |
| ૨૧. | ફેક્ટરી એક્ટ અંતર્ગત કંપનીમાં હેલ્થ ચેક અપ | ૧૦૪ | ૭૮૩ |
| ૨૨. | શાળાના વિદ્યાર્થીઓનું હેલ્થ ચેક અપ | ૫૫ | - |
| ૨૩. | આંખની તપાસનો કેમ્પ | ૧૩૭ | ૪૨૮ |
| ૨૪. | ગર્ભાશયના મુખના  કેન્સરની તપાસનો કેમ્પ | ૮૩૫ | - |
| ૨૫. | કૃત્રિમ અવયવ તથા ક્રચીસ (પગ), કેલિપર કેમ્પ | ૧૩ | - |
| ૨૬. | કારખાના ધારા ૧૯૪૮ની કલમ ૧૧૧(એ) અધિનિયમ હેઠળ સેફ્ટી ટ્રેનિંગ | ૨૧ | ૮૭ |
| ૨૭. | સર્ટિફાઇડ પ્રાથમિક સારવારની તાલીમ | ૫૩૨૭ | ૪૪૦૯ |
| ૨૮. | કોમ્બો ટ્રેનિંગ પ્રોગ્રામ | ૩૪ | - |
| ૨૯. | જુનીયર રેડ ક્રૉસ સોસાયટી (JRC) | ૮૦૮ | ૧૪૯૨ |
| ૩૦. | બાળ આરોગ્ય સ્પર્ધા | ૪૧ | ૫૩ |
| ૩૧. | શૈક્ષણિક મુલાકાત | ૨૮ | ૫૨ |
| | **અહેવાલના વર્ષમાં કુલ લાભાર્થીઓની સંખ્યા** | **૫૬,૬૬૮** | **૫૫,૩૬૭** |

**ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, વડોદરા જીલ્લા શાખા મારફત ચાલતી વિવિધ જનસેવા કાર્યક્રમમાં યોગદાન આપનાર નીચે જણાવેલ સંસ્થાઓ અને દાતાઓના અમો આભારી છીએ:**

- મેસર્સ મહિન્દ્રા એક્સેલો પ્રાઈવેટ લિમિટેડ કંપની મંજુસર દ્વારા CSR અંતર્ગત થેલેસીમિયા મેજર બાળકો માટે રૂ. ૫,૦૦,૩૦૦/-ની કિંમતના ડેસ્ફેરાલ ઈન્જેક્શન, તથા ફિલ્ટરનું દાન તેમજ રૂ. ૨,૬૦,૫૭૫/-નું દાન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓના થેલેસીમિયા ટેસ્ટ માટે તેમજ વડોદરા શહેર અને તાલુકા લેવલે વિવિધ સ્થળોએ થેલેસીમિયા જાગૃતિને લગતા કુલ ૨૦ હૉર્ડિંગ્સ લગાવવા માટે રૂ. ૫૯,૦૦૦/- આમ કુલ મળીને રૂ. ૮,૧૯,૮૭૫/-નું દાન આપવામાં આવ્યું તે બદલ સંસ્થા મહિન્દ્રા કંપનીની ખુબ જ આભારી છે.
- ડૉ. વિભૂતિ શાહ દ્વારા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૨૦,૦૦૦/-નું દાન.
- શ્રી ખ્યાતિ પ્રજાપતિ દ્વારા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૧૦,૦૦૦/-નું દાન.
- શ્રી સંતોકબેન મોહનલાલ સ્વાદિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૧૦,૦૦૦/-નું દાન
- મેસર્સ ૐ એક્સિમ્પ ડિસ્ટ્રીબ્યુટિંગ પ્રાઇવેટ લિમિટેડ કંપની દ્વારા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- પુર્ણિમાબેન કિરીટકુમાર દેસાઇ (USA) દ્વારા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- શ્રી હરકિશન કાંતિલાલ શાહ દ્વારા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- શ્રી અશોકકુમાર મોહનલાલ માનવાદરિયા દ્વારા નોટબૂક માટે રૂ. ૫,૦૦૦/-નું દાન
- શ્રી પ્રેરક તુષાર વૈષ્ણવ દ્વારા મેડિકલ સર્વિસ માટે રૂ. ૪,૦૦૦/-નું દાન
- શ્રી શિલ્પાબેન સજ્જન સિંહ કુંપાવત દ્વારા મેડિકલ સર્વિસ તથા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૪,૨૦૦/- નું દાન
- ડૉ. બી. એન. શાહ દ્વારા રેડ ક્રૉસ અને થેલેસીમિયા દિવસની ઉજવણી માટે રૂ. ૨,૦૦૦/- નું દાન તથા બ્લડ ડોનેશન કેમ્પ માટે રૂ. ૧,૨૫૦/-નું દાન. અહેવાલના વર્ષમાં કુલ ૩,૨૫૦/-નું દાન
- શ્રી સજ્જન સિંહ કુંપાવત દ્વારા થેલેસીમિયા પ્રોજેકટ માટે રૂ. ૩,૧૦૦/- નું દાન
- સાલોટ ફેમિલી દ્વારા રમેશભાઈ, કિશોરીબેન, મિતલ અને કથન સાલોટના નામે કુલ રૂ. ૪,૦૦૦/-નું દાન
- SSG બ્લડ બૅન્ક જેઓએ વર્ષ દરમિયાન યોજવામાં આવેલ બ્લડ ડોનેશન કેમ્પમાં સહયોગ આપવા બદલ આભાર.
- ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની થેલેસીમિયા તેમજ અન્ય ટીમ/સ્ટાફ મેમ્બર્સનો થેલેસીમિયા અને સિકલ સેલ તેમજ લેબોરેટરી તથા અન્ય પ્રોજેકટમાં સહયોગ આપવા બદલ આભાર.
- આ સિવાય અહેવાલના વર્ષમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ યોજવા યોગદાન આપનાર સંસ્થાનો, દાતાઓ, ઉપરાંત સ્થાનિક વર્તમાનપત્રો લોકસત્તા, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર, સંદેશ તથા સ્થાનિક ન્યૂઝ ચેનલોના વ્યવસ્થાપકો સંસ્થાના કાર્યોનો પ્રચાર કરે છે, તેઓનો આભાર.
- છેવટે કેમ્પમાં મદદ કરતાં ડૉક્ટર મિત્રો અને સંસ્થાના કાર્યવાહક મંડળના સભાસદો, સંસ્થાના સ્વયંસેવકો વગેરે સંસ્થાની પ્રગતિમાં વખતોવખત મદદ કરે છે. તેઓના પણ અમો આભારી છીએ.

વડોદરા

ડૉ. પ્રવીણ બી. જોશી
માનદ મંત્રી

# C. I. SHAH & CO

**Chartered Accountants**

"Radha Krishna" C-1, Nand Complex, Opp. Faculty of Technology, Shankar Tekari,
Dandia Bazar, Vadodara - 390 001. Ph. No. (0265) 2432327 Tele Fax : 2415903 Mail : crgp@sify.com


To,
The Members
Indian Red Cross Society,
Vadodara District Branch,
Vadodara

We have audited the attached balance sheet and Income & Expenditure account of INDIAN RED CROSS SOCIETY, VADODARA DISTRICT BRANCH for the year ended on 31st March 2020. These financial statement are the responsibility of the District Branch, our responsibility is to express an opinion on these financial statement based on our audit report.

We report as under :

1. We have obtained all the information and explanations, which in our opinion were necessary for the purpose of the audit.
2. In Our opinion, proper books of accounts as required by law have been kept by Society ; so far as it appears from our examination of the books.
3. The Balance sheet and Income & expenditure accounts dealt with by this report are in agreement with books of account maintained by the District branch.
4. In our Opinion and to the best of our information and according to the Explanations given to us, the annexed accounts give true and fair views;
    * In the case of Balance Sheet of the state of affairs of INDIAN RED CROSS SOCIETY as on 31st March 2020
    * In the case of Income & Expenditure account of the Surplus for the year ended on 31st March 2020.

For C. I. Shah & Co.
Chartared Accountants

CA Chandresh I. Shah
Partner (M. No. - 045212)

Dated :
Place : Vadodara

# THE INDIAN RED CROSS SOCIETY VADODARA DISTRICT BRANCH

## INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED ON 31ST MARCH 2020

| EXPENDITURE | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| **TO BUILDING EXPENSES** | | |
| Municipal Taxes / Water Charges | 11,370-00 | |
| Electricity Charges | 37,279-00 | |
| Depreciation | 83,891-00 | 1,32,540-00 |
| **TO ESTABLISHMENT EXPENSES :** | | 13,80,920-60 |
| **TO AUDIT FEES :** | | 10,884-00 |
| **TO EXPENDITURE ON OBJECT OF THE SOCIETY :** | | |
| Advertisement | 12,231-00 | |
| Baby Competition | 9,882-00 | |
| Medical Services | 2,11,101-00 | |
| Blood Donation Exp. | 15,970-00 | |
| Note-Books Exp. | 10,060-00 | |
| Renovation, Repair & Maintenance | 535-00 | |
| Thalassemial Boold Transfusion Centre Exp. | 5,44,988-00 | |
| Combo Training Program A/c | 8,550-00 | |
| Income Tax A/c | 3,148-00 | |
| Relief Fund | 15,425-00 | |
| Blood Bank | 6,50,000-00 | 14,81,890-00 |
| **SAFETY TRAINING PROGRAM ( Honoraium)** | | 8,000-00 |
| **TO FIRST AID CLASS EXP. :** | | |
| Certificate Fees A/c | 7,94,550-00 | |
| First Aid Demo Materials | 280-00 | |
| Doctors Honorarium | 10,91,500-00 | |
| Traveliing Exp. | 2,11,391-00 | |
| Food / Hotel Expenses | 21,794-00 | 21,19,515-00 |
| **To Excess of Income over Expenditure** | | **8,76,511-40** |
| **TOTAL RS.** | | **60,10,261-00** |

| INCOME | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| **BY INTEREST :** | | |
| On F. D. with Bank | 1,21,121-00 | |
| On Saving Bank Account | 46,104-00 | |
| On TDS | 23,587-00 | 1,90,812-00 |
| **SAFETY TRAINING PROGRAM :** | | |
| Safty Training Fees | | 24,000-00 |
| **BY DONATIONS :** | | |
| Thalassemia Blood Transfusion Centre A/c | 6,85,073-00 | |
| Medical Service A/c | 1,27,300-00 | |
| Blood Donation A/c | 27,750-00 | |
| Note Book A/c | 9,700-00 | |
| Combo Training Program A/c | 16,600-00 | 8,66,423-00 |
| **BY FIRST AID CLASS INCOME** | | |
| First Aid class Fees | 47,35,334-00 | |
| Travelling Income | 1,93,692-00 | 49,29,026-00 |
| **TOTAL RS.** | | **60,10,261-00** |

**As per our report of even date annexed**

Date : 20th Aug 2020

**For C. I. SHAH & Co.**
**Chartered Accountants**
**Firm Reg. No. 111862 W**

**(Chandresh I. Shah)**
**Partner**
**Auditors**

Indian Red Cross Society, Vadodara

| Shri Krushang Rewar | Dr. P.B. Joshi | Dr. R.B. Bhesania | Dr. J.R. Kamath |
|---|---|---|---|
| Treasurer | Hon. Secretary | Vice-Chairman | Chairman |

# THE INDIAN RED CROSS SOCIETY VADODARA DISTRICT BRANCH

## BALANCE SHEET AS AT 31ST MARCH 2020

| FUNDS AND LIABILITIES | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| **PATRON MEMBERSHIP FUND** | | 17,500-00 |
| **VICE PATRONSHIP FUND** | | 5,489-00 |
| **LIFE MEMBERSHIP FUND** | | |
| Balance as per last Balance Sheet | 1,52,959-00 | |
| **Add** : During the year | 13,000-00 | |
| | 1,65,959-00 | |
| **Less** : Contribution to state Branch | 3900-00 | 1,62,059-00 |
| **ASSOCIATE LIFE MEMBERSHIP FUND** | | 4,906-60 |
| **OTHER EARMARKED FUND** | | 32,50,221-55 |
| **LIABILITIES** | | |
| Sundry Creditors | | 13,98,054-00 |
| **INCOME & EXPENDITURE A/C :** | | |
| Add: Balance As Per Last B/S. | 13,57,637.87 | |
| Excess of Income over Experndíture | 8,76,511-40 | 22,34,149.27 |
| **TOTAL Rs.** | | **70,72,379.42** |

| PROPERTIES & ASSETS | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| **FIXED ASSETS :** | | 13,19,908-00 |
| **INVESTMENTS :** | | |
| F.D.R. with Bank | | 21,75,000-00 |
| **DEPOSITS :** | | |
| MGVCL Electricity Deposit | 25,115-00 | |
| M/S Amis Oxygen Pvt. Ltd. | 4,000-00 | 29,115-00 |
| **DEBTORS :** | | 5,44,012-00 |
| **CASH & BANK BALANCES :** | | |
| Bank of Baroda Raopura Branch SB A/c. No.01980100000302 | 18,56,988.78 | |
| State Bank of India Raopura Branch SB A/c. No.34905227581 | 70,223-00 | |
| Cash On Hand | 11,853.64 | 19,39,065.42 |
| **TAX DEDUCATION (TDS) :** | | |
| Balance As per last B/S. | 8,30,134-00 | |
| **Add** : during the year | 4,43,406-00 | |
| **Less** : Received During the year | 2,08,261.00 | 10,65,279.00 |
| **TOTAL RS.** | | **70,72.379.42** |

As per our report of even date.
The above Balance Sheet to the best of my belief contains a true Account of Fund and Liabilities of the properties and assets of the society,

Indian Red Cross Society, Vadodara

Shri Krushang Rewar, Treasurer — Dr. P.B. Joshi, Hon. Secretary — Dr. R.B. Bhesania, Vice-Chairman — Dr. J.R. Kamath, Chairman

At Vadodara
Date : 20th Aug 2020

**For C. I. SHAH & Co.**
Chartered Accountants
Firm Reg. No. 111862 W

(Chandresh I. Shah)
Partner C.A.
Auditors M No.- 045212

# સેંન્ટ જોન એમ્બ્યુલન્સ(ઈન્ડિયા),

## વડોદરા જીલ્લા સેંન્ટર

## સને ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ

અમો સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા જીલ્લા સેંન્ટરના માનદમંત્રી સને ૨૦૧૯-૨૦૨૦નો વાર્ષિક અહેવાલ અને ઓડિટેડ હિસાબો રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

અહેવાલના વર્ષમાં કારોબારી સમિતિની ૦૪ સભાઓ અને ૦૧ સામાન્ય સભા મળી હતી.

સેંન્ટ જૉન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા અકસ્માતમાં પ્રાથમિક સારવારના તાલીમ વર્ગો ચલાવે છે. તાલીમ આપનાર ટ્રેનર તબીબોની ભણાવવાની રીત, સ્લાઇડ પ્રોજેક્ટર, પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન, ડેમોસ્ટ્રેશન તથા પરીક્ષા પદ્ધતિ વિગેરે અંગે ખાસ ધ્યાન આપવામાં આવે છે. સી.પી.આર.ની તાલીમ ડમી દ્વારા આપવામા આવે છે. અહેવાલના વર્ષમાં કુલ ૧૧૯ ક્લાસ કરવામાં આવ્યાં હતાં તેમાં ૩૫૯૧ ઉમેદવારોને પ્રાથમિક સારવારની તાલીમ આપવામાં આવી હતી. તેમાંથી ૩૩૧૯ ઉમેદવારોએ સિનિયર સર્ટિફિકેટ મેળવ્યા હતા.૨૨૯ ઉમેદવારોએ પાંચ વર્ષના વાઉચર સર્ટિફિકેટ મેળવ્યા હતા અને ૪૩ ઉમેદવારોએ કાયમી સર્ટિફિકેટ (મેડેલિયન) મેળવ્યા હતા.

અહેવાલના વર્ષમાં ૧૩ આજીવન સભ્યોની ફી રૂ ૬,૫૦૦/- એકત્ર કરવામાં આવી છે.

<u>આભાર દર્શન:</u>

અહેવાલના વર્ષમાં અકસ્માતમાં પ્રાથમિક સારવારની તાલીમ આપનાર અને પરીક્ષક ડૉક્ટર મિત્રોનો, જુદી-જુદી કંપનીઓનો, સ્થાનિક વર્તમાનપત્રો લોકસત્તા, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશના સંચાલકોએ સંસ્થાના પ્રચાર કાર્યમાં સંપૂર્ણ સહાનુભૂતિ બતાવનાર અને સંસ્થાના કાર્યનો પ્રચાર કરનાર દરેકનો આભાર માનીએ છીએ.

અંતમાં સંસ્થાના કાર્યવાહક મંડળના સભ્યો સંસ્થાની પ્રગતિમાં વખતો વખત મદદ કરે છે. તેઓના અમો આભારી છીએ.

માનદ મંત્રી
ડૉ. પ્રવીણ બી. જોશી
સેંન્ટ જોન ઍમ્બ્યુલન્સ (ઈન્ડિયા), વડોદરા

# ST. JOHN AMBULANCE (INDIA) VADODARA DISTRICT CENTRE

## BALANCE SHEET AS AT 31ST MARCH 2020

| FUNDS & LIABILITIES | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| **LIFE MEMBERSHIP FUND :** | | |
| Balance as per last Balance sheet | 73,740-00 | |
| **Add.** : During the year | 6,500-00 | |
| | 80,240-00 | |
| **Less** : Contribution to State Centre | 1,950-00 | 78,290-00 |
| **ASSOCIATE LIFE MEMBERSHIP FUND :** | | |
| Balance as per last Balance sheet | | 1,360-00 |
| **Liabilities :** | | |
| Sundry Creditors | | 32,280-00 |
| **COMMUNITY SERVICE FUND :** | | 24,00,000-00 |
| **INCOME & EXPENDITURE ACCOUNT** | | |
| Balance As per last Balance Sheet | 24,65,885-53 | |
| **Add** : Net Surplus | 4,62,261-41 | 29,28,146-94 |
| **TOTAL RS.** | | **54,40,076-94** |

| ASSETS | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| **FIXED ASSETS :** | | 3,42,434-00 |
| **INVESTMENTS :** | | |
| F. D. R. With Bank of Baroda | 16,71,872-00 | |
| F. D. R. Corporation Bank | 5,00,000-00 | 21,71,872-00 |
| **CURRENT ASSESTS :** | | |
| **T.D.S.** : | | |
| Balance as per last B/s. AY | 2,53,720-00 | |
| **Add** : During the Year | 61,024-00 | 3,14,744-00 |
| **Debtors :** | | 13,60,592-00 |
| **Cash & Bank Balances :** | | |
| In SB A/c With B.O.B. Raopura Branch ( No. 01980100000298 ) | 6,72,403-50 | |
| In SB A/c With Corporation Bank ( No. 033600101015420 ) | 5,70,049.36 | |
| Cash on Hand | 7,982-08 | 12,50,434-94 |
| **TOTAL RS.** | | **54,40,076-94** |

**St. John Ambulance (India), Vadodara**

**As per our Report of even date**
**The above Balance Sheet to the best of my belief contains a true Account of Funds & liabilities and of the properties and assets of the centre.**

Shri Krushang Rewar, Treasurer
Dr. P.B. Joshi, Hon. Secretary
Dr. R.B. Bhesania, Vice-Chairman
Dr. J.R. Kamath, Chairman

VADODARA
DATE : 20th Aug 2020

**For C. I. SHAH & Co.**
**Chartered Accountants**
**Firm Reg. No. 111862 W**

**(Chandresh I. Shah)**
**Partner C.A. M.No.045212**
**Auditors**

# ST. JOHN AMBULANCE (INDIA) VADODARA DISTRICT CENTRE

## INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED ON 31ST MARCH 2020

| EXPENDISTURE | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| Opening Stock of First Aid Books | 45,000-00 | |
| Add during the year | 1,64,802-00 | 2,09,802-00 |
| To ESTABLISHMENT EXPENSES : | | 6,33,511-59 |
| To EXP. ON OBJECTS OF THE ASSO. | | |
| Audit Fees | 6,990-00 | |
| Depreciation | 38,188-00 | |
| Contribution to State Centre of Annual Membership Fees A/c | 53,895-00 | |
| Books & Periodicals | 3,078-00 | 1,02,151-00 |
| Community Services | | 6,00,000-00 |
| FIRST AID CLASS EXP. | | |
| First Aid Certificate Fees | 5,75,055-00 | |
| First Aid Demo Material A/c | 23,107-00 | |
| Doctor Honorarium A/c | 4,44,600-00 | |
| Travelling Exp. | 24,154-00 | |
| Food / Hotel Exp. | 1,43,594-00 | 12,10,510-00 |
| To EXCESS OF INCOME OVER EXP. | | 4,62,261-41 |
| | TOTAL RS. | 32,18,236-00 |

| INCOME | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| BY INTEREST | | |
| On F. D. R. with Bank | 1,21,481-00 | |
| On Saving Bank | 36,275-00 | 1,57,756-00 |
| BY FEES | | |
| First Aid Class Fees | 25,63,140-00 | |
| Annual Membership Fees | 1,82,700-00 | 27,45,840-00 |
| By First Aid Books | | 3,14,640-00 |
| | TOTAL RS. | 32,18,236-00 |

**To be read with Notes & Accounts As per our Report of even date annexed.**

**St. John Ambulance (India)**

Shri Krushang Rewar, Treasurer — Dr. P.B. Joshi, Hon. Secretary — Dr. R.B. Bhesania, Vice-Chairman — Dr. J.R. Kamath, Chairman

VADODARA
DATE : 20th Aug 2020

**For C. I. SHAH & Co.**
**Chartered Accountants**
**Firm Reg. No. 111862 W**


**(Chandresh I. Shah)**
**Partner**
**Auditors M No.-045212**

# Thalassemia & Sickle Cell society, Vadodara

Under the auspices of Indian Red Cross Society, Vadodara

## Prevent Birth of Thalassemia Major

Check Thalassemia Blood Test
while matching Horoscopes
For Matrimony!





**Attention!**
Test for Thalassemia Minor Before
your Saptapadi!

If Bride and Groom both are Thalassemia
Minor ... say OK to Raksha Bandhan but
NO to Marriage!





If Thalassemia Blood Test is not done before
Marriage...
Ensure it is carried out for both
At the first trimester of Pregnancy!
Opt for MTP...
If fetus is Thalassemia Major!

# થેલેસીમિયા નાબુદી અભિયાન

Supported by

accelo

INDIAN RED CROSS SOCIETY
Vadodara District Branch

## શું તમે ઈચ્છો છે કે....!

**તમારા બાળકને દર મહિને બે યુનિટ લોહી જીવન પર્યંત ચઢાવવું પડે?**
**જો ના તો... આજે જ તમારો થેલેસીમિયાનો ટેસ્ટ કરાવો.**

## થેલેસીમિયા દર્દી નો સંઘર્ષ




## ટેસ્ટ ક્યારે કરાવશો?

- લગ્ન પહેલાં
- ગર્ભધારણ પહેલાં
- ગર્ભધારણના ત્રણ મહિનામાં

**આવો ખભે ખભે મેળવીએ; થેલેસીમિયા નો ટેસ્ટ કરાવીયે**
**જો તમે થેલેસીમિયા માઈનોર છો તો માઈનોર સાથે લગ્ન ટાળો**

Red Cross Building, Opp. Police Parade Ground, Raopura, Vadodara - 01
Ph.: 0265-2413382, M. 9099552154 Email: support@redcrossvadodara.org www.redcrossvadodara.org